**પંચમહાલનું જયગઢ એની મેંગેનીઝની ખાણો માટે વિખ્યાત છે. એ ખાણોના માલિક જયગઢ માઇન્સ કંપનીના કામદારોના પગાર માટે બેન્કમાંથી આવેલા લગભગ કરોડ રૂપિયા ચોરાઈ જાય છે. ચોર કોણ હોઈ શકે એનો ખ્યાલ આવી જાય છે. અગાઉના ગુનાઓ બદલ બદનામ ખાણિયો હરિસિંગ જ ચોર હોવો જોઈએ. પાકા પુરાવા એની સામે છે...**

# હવે તો હરિસિંગને ખુદ ભગવાન પણ બચાવી ન શકે!

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા




આરોપનામું પણ બજાવી દેવાયું. સામાન્ય રીતે અદાલતો (અને મુદતભૂખ્યા વકીલો) મુદતબાજી શરૂ કરે છે. પરંતુ અહીં 'કોઈક'ની ઉતાવળ કામ કરતી લાગી. સરકારી વકીલ કડકિયાએ ફાલ્ગુન બેરાને સાક્ષીના પાંજરામાં બોલાવ્યા. એમને સવાલો પૂછ્યા. જયગઢ માઇન્સ કંપનીની ઓફિસમાં તિજોરીનું સ્થાન, પોતે ચોરી વિશે ક્યારે જાણ્યું, પછી તરત જ શાં પગલાં લીધાં, વગેરે વગેરે સવાલો પૂછ્યા. ફાલ્ગુને આરોપનામામાં નોંધાઈ ચૂકેલા જવાબ આપ્યા. એ બધા સવાલ ઘટનામૂલક હતા. પછી સંશોધનમૂલક સવાલ કર્યો, 'આ તિજોરી જૂની અને જુનવાણી જોગવાઈઓવાળી થઈ ગઈ છે, એ તમે જાણતા હતા?'

'જી, હા. અમારા એકાઉન્ટન્ટ રસિક નાણાવટીએ મારું ધ્યાન એ તરફ દોર્યું હતું.' ફાલ્ગુને સ્વીકાર્યું.

'અચ્છા, એ અંગે તમે કશાક પગલાં લીધાં ખરાં?'

'હા, જી. એક તો મેં એક નાઇટ વોચમેન રાખી લીધો. બીજું, મેં એલાર્મ બેલ લગાડાવી અને ત્રીજું, બેન્કની સાથે એવી ગોઠવણ કરી કે દરેક પહેલી તારીખે અમે જે મોટી રકમ ઉપાડીએ તેમાંની મોટી નોટોના નંબરોની યાદી બનાવે અને અમને પહોંચાડે, જેથી અધવચ્ચે માર્ગમાં અથવા અહીં તિજોરીમાંથી લૂંટ-ચોરી થઈ જાય તો એ નંબરોને આધારે ગુનેગારને પકડી લઈ શકાય.'

આટલી સાક્ષીમાત્રથી પોતાનો વિજય નક્કી થઈ ગયો હોય એમ વકીલ કડકિયાએ અજય અને પરિમલ ભણી એક વિજયી સ્મિત ફેંક્યું. પછી સાક્ષીને આગળનો સવાલ પૂછ્યો, 'એટલે કે ગઈ પહેલી તારીખની પરોઢે જે ચલણી નોટો તિજોરીમાં હતી અને જે ચોરાઈ ગઈ, તેમના નંબર તમારી પાસે નોંધાયેલા છે. બરાબર?'

'બરાબર, પણ ફક્ત મોટી નોટોના નંબર, સાહેબ, કારણ કે બધી નોટોના નંબર લખવાનું રાખીએ તો તે કામનો પાર ન આવે.'

'અને એ નંબરો લખવાનું કોણ કોણ કરે છે?'

'બેન્કના કેશિયરો એ સેવા આપે છે. જોકે અમારા વતી એ કામગીરી બજાવવા બદલ અમે એમને થોડુંક મહેનતાણું ચૂકવીએ છીએ.'

'અચ્છા, આ વખતના પગાર માટેની નોટોના નંબરોની યાદી તમારા કબજામાં છે ખરી, મિસ્ટર બેરા?'

'જી, હા. આ વખતના જ નહિ, છેલ્લા દસ મહિનાની નોટોની યાદીઓ અલગ અલગ પરબીડિયાંમાં મારા પોતાના ટેબલના ખાનામાં તાળા-ચાવી હેઠળ સલામત છે.'

અજયને વચ્ચે કૂદી પડીને બોલવાનું મન થયું કે આ શ્રીમાન નોટોના નંબર સાચવી શકે છે, પરંતુ સ્વયં નોટો સાચવી શકતા નથી! પરંતુ અદાલતોની શિસ્ત આવા ડબકડોયાને દંડે છે. એટલે એ માત્ર હોઠ વાંકા કરીને સ્મિત કરી શક્યો.

'હવે, નામદાર,' કડકિયા જોશભેર આગળ વધ્યા. 'અદાલતને અમારી વિનંતી છે કે પુરાવા તરીકે જરૂરી એવી એ યાદીઓ અહીં રજૂ કરવાની રજા આપે.'

'રજા છે,' જજ હરિશ્ચન્દ્રે ગંભીરતાપૂર્વક મસ્તક ધુણાવતાં રજા આપી.

કડકિયાએ નજીકની બેન્ચ પરથી ખાખી કાગળનો એક લિફાફો ઉઠાવીને, અંદરથી મોટા સ્ટેપલ વડે જોડેલા દસ-બાર મોટા કાગળ કાઢ્યા. એ કાગળ ઊંચા કરીને અદાલતને તથા હાજર હતા તે સૌકોઈને બતાવ્યા. સૌએ જોયું કે એમાં આંકડા લખેલા છે અને મથાળે રૂ. 500 એમ લખ્યું હોવાથી એ આંકડા ચલણી નોટોના ક્રમાંક છે, એવું પણ સિદ્ધ થતું હતું. કડકિયાએ આ કાગળો ક્લાર્ક ઓફ ધ કોર્ટના હાથમાં મૂક્યા અને એણે પણ મસ્તક હલાવીને એ કાગળોનો દસ્તાવેજી પુરાવા તરીકે સ્વીકાર જાહેર કર્યો અને એની દફતરે નોંધણી કરી.

એટલે પછી જજ હરિશ્ચન્દ્રે આદેશ આપ્યો, 'નેક્સ્ટ વિટનેસ?'

'હવેના સાક્ષી તરીકે હું સબ-ઇન્સ્પેક્ટર જીતેન્દ્ર આશાપુરાને રજૂ કરવાની રજા માગું છું,' કડકિયાએ રજૂઆત કરી.

'રજા છે.'

એટલે એ ઊંચા, પાતળા, પચાસેકની વયના પોલીસ કર્મીએ સાક્ષીના પાંજરામાં સ્થાન લીધું. સાચું જ બોલવાની પ્રતિજ્ઞા કરી. ખાણિયાઓના ગામના એ પોલીસવાળાનું કપાળ આ ઉંમરે પણ તાજું ખેડેલા ખેતર જેટલા ઊંડા ગાલ બતાવતું હતું.

કાળું પાનું-3

કડકિયા વકીલે એને સંબોધીને પ્રશ્નો શરૂ કર્યા. 'તમે આ કેસના આરોપી હરિસિંગ ચૌહાણને ઓળખો છો?'

'જી, હા.'

'અને એમનાં પત્નીને?'

'જી, હા. એનું નામ સુમન છે.'

'હવે જીતેન્દ્રભાઈ, જે સવારે જયગઢ માઇન્સની તિજોરી તૂટી તે સવારે તમે સુમન સાથે વાત કરી હતી?'

'જી, હા.'

'શાની?'

'કંપનીના મેનેજર સાહેબ બેરા સાહેબે શંકા જાહેર કરેલી કે ગઈ સાંજે પોતે હરિસિંગને છૂટો કર્યો છે, એથી સંભવ છે કે ચોરી એણે કરી હોય. વળી, હરિસિંગ હિસ્ટ્રીશીટર છે, એવી વાત પણ એમણે કરેલી.'

'એમ કે? એટલે હરિસિંગને ઘેર જઈને તમે સુમનને મળ્યા?'

'જી, હા, સાહેબ.'

'શાથી?'

'મેનેજર સાહેબે... બેરા સાહેબે શંકા જાહેર કરેલી કે પોતે ગઈ સાંજે હરિસિંગને છૂટો કર્યો છે, એથી સંભવ છે કે ચોરી એણે કરી હોય. વળી, હરિસિંગ રીઢો ગુનેગાર છે. એટલે કે હિસ્ટ્રીશીટર છે, એવી વાત પણ એમણે કરેલી.'

'એમ કે? એટલે હરિસિંગને ઘેર જઈને તમે સુમનને મળ્યા?'

'જી, હા.'

'હરિસિંગે આગલી રાતે શું શું કર્યું, એના વિશે તમે પૂછપરછ કરી?'

'એક મિનિટ, સાહેબ!' અજયે ઊભા થઈ જતાં વાંધો ઉઠાવ્યો. 'સબ-ઇન્સ્પેક્ટરને અને આરોપીના પત્નીને શી વાતો થઈ, એ આ કેસમાં અગત્યનું નથી. વળી, પત્નીએ જે કંઈ કહ્યું હોય તે પતિ સામે પુરાવા રૂપે રજૂ ન કરાય.'

જજ હરિશ્ચન્દ્રે આ મુદ્દા પર ઘડીક આંખો મીંચીને વિચાર કર્યો. પછી જણાવ્યું, 'વાંધો બરાબર છે. પતિ અને પત્નીની વાતો અને વ્યવહારોને અહીં સંડોવી ન શકાય. વકીલ કેસને લગતા પ્રશ્નો પૂછે.'

'ભલે, નામદાર,' અજય ભણી કતરાતી આંખો કરતાં કડકિયાએ આદેશ સ્વીકાર્યો. પછી સબ-ઇન્સ્પેક્ટર આશાપુરા ભણી વળીને એમણે કહ્યું, 'પ્રશ્ન આ રીતે મૂકીએ: શું તમને એ સવારે સુમન પાસેથી કશાં નાણાં મળ્યાં હતાં?'

'હા, સાહેબ. મેં હરિસિંગને ઘેર જઈને પૂછ્યું કે હરિસિંગ ક્યાં છે? સુમને જણાવ્યું કે એ નોકરી શોધવા વડોદરા ગયા છે. મેં પૂછ્યું કે એ ક્યારે પાછા આવશે, ત્યારે સુમને કહ્યું કે એ નક્કી નથી. પરંતુ એણે જણાવ્યું કે ઘરખર્ચ માટે એ હજાર રૂપિયા આપતા ગયા છે. મેં જોયું કે એ પાંચસો રૂપિયાની બે નોટો હતી. આથી મેં એને તાકીદ કરી કે આ નોટો હમણાં વટાવીશ નહિ. વળી, મેં એ નોટોના નંબર નોંધી લીધા.'

'એવું તમે કેમ કર્યું?' અજયે વચ્ચે પ્રશ્ન પૂછ્યો.

'મેનેજર સાહેબ નોટોના નંબરની કશીક વાત કરતા હતા. મને લાગ્યું કે એ નોટોના નંબર કદાચ કામ લાગશે. અમે એ બેય નોટો કબજે લીધી છે. અદાલતની રજા હોય તો એ અહીં રજૂ કરું.'

'રજા છે,' જજે કહ્યું.

એટલે આશાપુરાએ એક પરબીડિયું કાઢીને ક્લાર્ક ઓફ ધ કોર્ટને પકડાવ્યું. એણે અંદરથી બે નોટો કાઢીને સૌને બતાવી. અદાલતમાં ગંભીર નીરવતા છવાઈ ગઈ. ઘણાખરાને ખાતરી થઈ ગઈ કે રીઢો ગુનેગાર હરિસિંગ જ ચોર છે. હવે જ્યારે પાંચસો-પાંચસો રૂપિયાની બે નોટો પુરાવા તરીકે અદાલતમાં સ્વીકારાઈ ગઈ છે ત્યારે હરિસિંગ સામે કેસ સજ્જડ બને છે.

**મેનેજર સાહેબે... બેરા સાહેબે શંકા જાહેર કરેલી કે પોતે ગઈ સાંજે હરિસિંગને છૂટો કર્યો છે, એથી સંભવ છે કે ચોરી એણે કરી હોય. વળી, હરિસિંગ રીઢો ગુનેગાર છે એટલે કે હિસ્ટ્રીશીટર છે, એવી વાત પણ એમણે કરેલી**

સરકારી વકીલ વ્રજલાલ કડકિયા પ્રસન્ન થઈ ગયા. હવે તો બેન્ક તરફથી આવેલી ચલણી નોટોની યાદી સાથે આ બે નોટો સરખાવો એટલે કેસ જડબેસલાક થઈ જાય! પછી તો હરિસિંગ ચૌહાણને ખુદ ભગવાન પણ બચાવી ન શકે.

અદાલતના પ્રેક્ષકોમાં આ મતલબની ચણભણ ચાલતી હતી ત્યાં જ અજયે જયગઢ માઇન્સના જનરલ મેનેજર બેરાને સાક્ષીના પાંજરામાં પુનઃ બોલાવવાની અદાલતને વિનંતી કરી. અદાલતે સરકારી વકીલનો મત પૂછ્યો. પણ એ તો નિશ્ચિત વિજયના નશામાં હતા. કશા જ વાંધા વગર એમણે સાક્ષીને પુનઃ બોલાવવાની સંમતિ આપી દીધી.

**(વાચક મિત્રો! આવતે અઠવાડિયે આ વાર્તા પૂરી કરીશું. ધીરજ બદલ ખૂબ આભાર.)**